હોસ્પિટલના એનઆઈસીયુ વોર્ડમાં રાત્રીના સમયે બે અજાણી મહિલાઓ પ્રવેશતા હોબાળો

હોબાળો થતા પોલીસ બોલાવવી પડી, પોલીસ તપાસમાં બંને મહિલાઓ ભિક્ષુક હોવાનુ બહાર આવ્યુ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના એનઆઈસીયુ વોર્ડ કે જેમાં નવજાત બાળળકોને રાખવામાં આવે છે તે વોર્ડમાં રાત્રીના સમયે અજાણી મહિલાઓ અંદર પ્રવેશી રહી હતી. ત્યારે વોર્ડની બહાર હાજર મહિલા સિક્યુરીટી ગાર્ડને શંકા જતાં તેમને અટકાવી હતી. તેમ છતાં જબરજસ્તીથી વોર્ડમાં જવા જતા હોબાળો

મચ્યો હતો. રાત્રીના સમયે હોબાળો થતાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા અને આખરે પોલીસ બોલાવવાની ફરજ પડી હતી.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ હવે સલામત રહી નથી. તાજેતરમાં એક મહિલા દર્દીના પતિ પાસેથી ગઠીયો રૂ. ૬૬૦૦ લઈને રફુચક્કર થઈ ગયો હતો. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં હ્યુમર ટ્રાફીકીંગ પણ સરળતાથી થઈ શકે છે. ત્યારે આવો જ શંકાસ્પદ કિસ્સો શનિવારની રાત્રે અગીયાર વાગ્યાના અરસામાં સામે આવ્યો છે. સિવિલના અંતરંગ સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સિવિલ હોસ્પિટલના ગ્રાઉન્ડ ફલોર પર આવેલા એનઆઈસીયુ વોર્ડ કે જ્યાં નવજાત ભુલકાઓને પેટીમાં રાખીને સારવાર આપવામાં આવે છે. તે વોર્ડમાં રાત્રે અગીયાર વાગ્યાના અરસામાં બે મહિલાઓ આવી હતી અને વોર્ડમાં અંદર જવાની કોશિશ કરી રહી હતી. વોર્ડ બહાર હાજર મહિલા સિક્યુરીટીને બન્ને મહિલા શંકાસ્પદ લાગતા તેમણે અટકાવ્યા હતા. તે સમયે મહિલાઓ પોતાનુ બાળદર્દી અંદર દાખલ છે તેમ જણાવ્યુ હતુ.

ત્યારબાદ તપાસ કરતા આ બંને મહિલાઓએ તેમના સબંધીનું બાળક ત્યાં દાખલ છે તેમ કહેતા શંકા પડતા સિક્યુરીટી મહિલા ગાર્ડે તેમને અંદર જવા દીધા ન હતા. જેને પગલે અજાણી મહિલાઓએ હોબાળો મચાવ્યો હતો. રાત્રીના સમયે હોબાળો થતા મોટી સંખ્યામાં લોકો એકત્ર થઈ ગયા હતા. મામલો વધુ બગડતા પોલીસ બોલાવવી પડી હતી. પોલીસ આવીને આ બે અજાણી મહિલાઓને લઈ ગઈ હતી. અને પુછપરછ કરી હતી. જેમાં બંને મહિલાઓ વાવોલની અને ભિક્ષુક હોવાનું પોલીસની પુછપરછમાં બહાર આવ્યુ હતુ. ઉલ્લેખનીય છે કે એનઆઈસીયુ વોર્ડમાં રાત્રીના સમયે અજાણી મહિલાઓના વોર્ડમાં અંદર દાખલ થવાના કિસ્સાને પગલે વોર્ડની બહાર બેઠક વ્યવસ્થા છે. ત્યાં બારી બંધ થતી ન હોવાથી તંત્ર દ્વારા તાત્કાલિક બે તિજોરી ગોઠવી અંદર આવી ન શકાય તે માટે રસ્તો બંધ કરી દઈને તકેદારીના પગલા લીધા છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હવે ખબર પડી કે કેમ હાર્યા... મોદીજી યોગીજીને પ્રધાન બનાવે છે... અમે બધાં ભોગીજીને બનાવતા હતા...!!

આજે પ્રદેશ કોંગ્રેસના આગેવાનોની ખાસ બેઠક

ઉત્તરપ્રદેશ-ઉત્તરાખંડમાં થયેલા પરાજય બાદ હવે કોંગ્રેસે ગુજરાતમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં વિજય મેળવવા કવાયત શરુ કરી છે જેના ભાગરૂપે આવતીકાલે ટીકીટની માંગણી કરનારા આગેવાનો સાથે એક મહત્વની બેઠક મળનારી છે.

ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં કોંગ્રેસને મળેલા કારમા પરાજય બાદ આગામી ડીસેમ્બર ૨૦૧૭માં આવનારી ગુજરાત વિધાનસભાની ચૂંટણીને ધ્યાને રાખીને ગુજરાતના પ્રદેશ નેતાઓને મોવડી મંડળે દિલ્હી બોલાવી ચૂંટણી સંબંધી કેટલાક મહત્વના સૂચન અને માર્ગદર્શન આપ્યું હોવાનું જાણવા મળે છે.

પ્રદેશ કોંગ્રેસે અધ્યક્ષ ભરતસિંહ સોલંકીની અધ્યક્ષતામાં અને ગુજરાત કોંગ્રેસ પ્રભારી ગુરૂદાસકામત અને વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં એક મહત્વની બેઠક મળનારી છે. આ બેઠકમાં આગામી ચૂંટણી માટે ટીકીટ વાંચ્છુ ઉમેદવારો સાથે ચર્ચા કરવામાં આવશે અને આ ચૂંટણીમાં માત્ર જીતી શકે તેવા ઉમેદવારો પર જ પસંદગી કરવામાં આવશે. આ વખતનો ચૂંટણી જંગ કોંગ્રેસના અસ્તિત્વ માટેનો છે. આથી તમામ ટીકીટ વાંચ્છુઓને પક્ષના આદેશોનું પાલન કરવા અને કોઈ પણ જાતના વિરોધ ન કરવા અને નારાજગી હોય તો યોગ્ય ફોરમમાં કરવા માટેનું માર્ગદર્શન આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

ચૂંટણીના પરિણામોએ સોશ્યલ મિડિયાને ધબકતુ રાખ્યું

ગાંધીનગર, તા. ૧૯

ઉત્તરપ્રદેશ અને ઉત્તરાંચલ સહિત પાંચ રાજ્યોની ચૂંટણીઓએ દેશભરમાં ખૂબ ઉત્તેજના જગાવી હતી. ગાંધીનગરમાં પણ આ ચૂંટણીઓના પરિણામો બાબતે નગરજનોમાં એક સપ્તાહથી 'ટોક ઓફ ટાઉન' બની રહેવા પામી છે. આ ચૂંટણીઓના આશ્ચર્યજનક પરિણામો સાથે જ ફરી એકવાર સોશ્યલ મિડિયા પર અવનવા ચબરાકિયાં પણ ભારે ધૂમ મચાવી રહ્યાં છે. પ્રસ્તુત છે તેમાંથી કેટલાક નમૂના...

● લો હજુ કરો ૪-૪ શાદી

જ્યાં એક મુસ્લિમે સપાને વૉટ આપ્યો ત્યાં તેની ૪ બેગમોએ ભાજપને વૉટ આપ્યો..!!!

● બ્રેકિંગ ન્યૂઝ : ઈલેક્શન કમિશને આગામી ૨૦૧૯ની ચૂંટણીઓ રદ કરી દીધી... તેમનું કહેવુ છે એકનું એક જ પરિણામ આવવાનું હોય તો શા માટે નાણા વેડફવા ?

● ગુજરાતમાં નવો પકોડીવાળો આવશે

....અખિલેશ યાદવ.

● આવનારી પેઢીને પુછવામાં આવશે કે કોંગ્રેસ મુક્ત ભારત કોની દેન છે ?

તો હંમેશા કન્ફ્યુઝન થશે કે મોદીજીનું નામ લેવુ કે રાહુલ ગાંધીનું ??

● ઉત્તરપ્રદેશમાં મુખ્યમંત્રી પદે યોગી આદિત્યનાથની પસંદગી થયા બાદ...

આને કહેવાય સત્તા પલટો...

એ.વાય. (અખિલેશ યાદવ)માંથી હવે વાય.એ. (યોગી આદિત્યનાથ)

● દિલ્હીમાં નરેન્દ્ર, મુંબઈમાં દેવેન્દ્ર, દહેરાદૂનમાં ત્રિવેન્દ્ર, ચંડીગઢમાં અમરેન્દ્ર, ઈમ્ફાલમાં બીરેન્દ્ર અને યુપીમાં યોગી યોગેન્દ્ર... બધી જગ્યાએ ઈન્દ્ર જ ઈન્દ્ર..!!

● અટલબિહારી બાજપાઈ, નરેન્દ્ર મોદી અને હવે યોગી આદિત્યનાથને જોઈ એમ થયુ કે પત્નિ ના હોય તો માણસ પ્રગતિ કરે છે પરંતુ પછી રાહુલ ગાંધી યાદ આવી ગયા..!!!

● ગોવા અને મણીપુર વાળી ટ્રેનમાં કોંગ્રેસવાળા ચઢવાની તૈયારીમાં જ હતા અને ત્યાં અમિત શાહે બારીમાંથી સીટ પર રૂમાલ મુકી દીધો.

● બાળપણમાં "પંખી ઉડે" રમત રમતા હતા ત્યારે વચ્ચે વચ્ચે "સાઈકલ ઉડે" અને "હાથી ઉડે" તેવુ કહી દેતા હતા...

... ખબર નહી કોની જીભે સરસ્વતી વસ્યાં હશે.

શિવપુરાકંપા ગામે કેન્દ્રીયમંત્રી પુરૂષોત્તમ રૂપાલાજી મુલાકાતે

ગાંધીનગર તાલુકાના શિવપુરાકંપા ગામે તા. ૧૮મી માર્ચ શનિવારના રોજ સાંજે કેન્દ્રીયમંત્રી પુરૂષોત્તમ રૂપાલાજી કૃષિ અને પશુપાલન ભારત સરકાર, મુલાકાત લીધી હતી. આ પ્રસંગે મંત્રી રૂપાલાજીએ સમગ્ર ગામ તથા ખેડૂતો અને પશુપાલકોની પગપાળા ફરી મુલાકાત લીધી હતી. ગામના પ્રગતિશીલ ખેડૂત અને અગ્રણી પટેલ શાંતિભાઈ લાલજીભાઈ દ્વારા પુષ્પગુચ્છ આપી સન્માન કર્યુ હતુ.

અમીયાપુર ગામ પાસે બેફામ જતી કારે બાઈકચાલકને કચડી નાંખ્યો

ગાંધીનગર, તા.૧૯

અડાલજ નજીક આવેલા અમીયાપુર ગામના બસ સ્ટેન્ડ પાસેથી પસાર થતા બાઈક ચાલક

પ્રૌઢને બેફામ જતી આઈ-૧ કારે અડફેટે લઈ કચડી નાંખ્યા હતા. ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ જવાયેલા પ્રૌઢનું સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. અડાલજ પોલીસે સાળાની ફરિયાદ આધારે બનેવીને કચડીને મોતને ઘાટ ઉતારનાર કાર ચાલક સામે ગુનો દાખલ કરી તેની ધરપકડ માટે તજવીજ શરુ કરી છે.

મળતી વિગત મુજબ ગઈ કાલે રાત્રે સવા નવ વાગ્યાના અરસામાં અમદાવાદ સાબરમતી વિસ્તારમાં રહેતા ૫૬ વર્ષીય પ્રૌઢ રાજેન્દ્રભાઈ વામનરાવ લીંકોતી તેમનું બાઈક નં. જીજે૧-એફ.પી. ૩૮૫૨ લઈને તપોવન સર્કલ-કોબા રોડ પરથી નીકળ્યા હતા. બાઈક અમીયાપુર બસ સ્ટેન્ડ સામે પહોંચ્યુ ત્યારે હાઈવે પર ધસમસતી આવતી જીજે-૧ આર.સી. ૪૮૨૭ નંબરની આઈ-૧૦ કારના ચાલકે બાઈકને જબરદસ્ત ટકકર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ગંભીર રીતે ઘાયલ થયેલા બાઈકચાલક રાજેન્દ્રભાઈને તાત્કાલીક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જો કે ત્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થતા પરિવારજનોમાં શોકની કાલીમા છવાઈ ગઈ હતી. મૃતકના સાળા મહેન્દ્રભાઈ શંકરલાલ ચૌહાણે આઈ-૧૦ કારના ચાલક સામે ફરિયાદ આપતા અડાલજ પોલીસે ગુનો નોંધી કાર નંબર આધારે આરોપી સુધી પહોંચવા અને તેની ધરપકડ કરવા દોડધામ શરુ કરી છે.

બાઈક ડીવાઈડર પર ચઢી જતા ઘવાયેલા યુવાનનું મૃત્યુ

અડાલજ નજીકના અમીયાપુર ગામમાં રહેતો યુવાન ૧૩ માર્ચે ધુળેટીના દિવસે સવારે સાડા દશ વાગ્યાના અરસામાં પોતાનું બાઈક લઈને જઈ રહ્યો હતો ત્યારે સુઘડ નર્મદા કેનાલ પાસે ડીવાઈડર સાથે બાઈક અથડાતા આ યુવાન નવઘણ ભીખાજી ઠાકોર ગંભીર રીતે ઘાયલ થયો હતો એક અઠવાડીયાથી ગંભીર હાલતમાં હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ આ યુવાનનું ગઈ કાલે સારવાર દરમિયાન પ્રાણ પંખેરું ઉડી જવા પામ્યું હતું. અડાલજ પોલીસે ગુનો નોંધી ઘટનાની તપાસ શરુ કરી છે.

ગુજરાત ભાજપના પ્રભારીની ટૂંકમાં જાહેરાત કરાશે

ગાંધીનગર, તા.૧૯

આગામી એક સપ્તાહમાં ગુજરાતના પ્રભારી તરીકે ઓમ માથુરને ફરી નિમવા માટે ભાજપ નેતાગીરી દ્વારા વિચારણા કરવામાં આવી રહી છે અને ટૂંકમાં જાહેરાત કરવામાં આવશે.

ગુજરાત ભાજપના પ્રભારી તરીકે દિનેશ શર્મા જવાબદારી સંભાળી રહ્યા હતા પરંતુ તાજેતરમાં જ ઉત્તરપ્રદેશમાં ભવ્ય વિજય સાથે ભાજપ સત્તા પર આવતા ગુજરાત ભાજપ પ્રભારી દિનેશ શર્માની ઉત્તરપ્રદેશ સરકારમાં નાયબ મુખ્યમંત્રી તરીકે નિમણુંક આપવામાં આવી છે.

દિનેશ શર્માને ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી બનાવાતા હવે તેઓ ગુજરાત ભાજપના પ્રભારી તરીકે સમય ફાળવી શકે તેમ ન હોઈ તેમના સ્થાને ગુજરાત ભાજપના પ્રભારી તરીકે અગાઉ સેવા આપી ચુકેલા રાજસ્થાનના નેતા અને સંગઠનના અને ચૂંટણી રણનીતીકાર ઓમ માથુરને ફરી ભાજપ પ્રભારી તરીકે નિમણુંક આપવામાં આવે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

રૂપાણી સરકાર ઈલેક્શન મોડ પર, રાષ્ટ્રીય નેતાઓનું ધ્યાન હવે ગુજરાત તરફ કેન્દ્રીત

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. રૂપાણી સરકાર ઈલેક્શન મોડ પર આવી ગઈ છે અને ભાજપના રાષ્ટ્રીય નેતાઓનું ધ્યાન હવે ગુજરાત તરફ કેન્દ્રીત થયું છે. રાજ્ય સરકારના જિલ્લા વહીવટી તંત્ર તેમજ સચિવાલયના વિભાગોમાં મોટાપાયે બદલીઓની ફાઈલો પણ તૈચાર કરી દેવામાં આવી છે. પાર્ટીના પ્રદેશ નેતાઓ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવાના મૂડમાં આવી ગયા છે.

ગુજરાતમાં કોંગ્રેસના હાથમાં છેલ્લા ૨૭ વર્ષથી એકહથ્થુ સત્તા આવી શકી નથી

ગુજરાત ભાજપમાં જાણે એવું લાગી રહ્યું છે કે વિધાનસભાની ચૂંટણી મે અથવા જૂન મહિનામાં આવી રહી છે. બજેટ સત્રની સમાપ્તિ પછી એટલે કે એપ્રિલ મહિનામાં સરકાર અને સંગઠનમાં મોટાપાયે ફેરફારો જોઈ શકાશે. પાંચ પૈકી ચાર રાજયોમાં મુખ્યમંત્રીની વરણી કર્યા પછી અમિત શાહનું ટોટલી ધ્યાન ગુજરાત તરફ મંડાયેલું છે. તેઓ ઓફિસરની બદલીઓ પણ અંગત રસ લઈ રહ્યાં છે. મોદીની એક ખાસિયત છે કે બે વર્ષ પહેલાં તેઓ કોઈપણ મોટી ચૂંટણીની તૈયારી શરૂ કરી દેતાં હોય છે, જે સ્થિતિ કોંગ્રેસમાં જોવા મળતી નથી પરિણામે કોંગ્રેસ હંમેશા ઊંઘતી ઝડપાય છે.

ઉમેદવારો પસંદ કરો પછી CM પદ માટે ઝઘડો કરો...

પ્રદેશ કોંગ્રેસમાં મુખ્યમંત્રીના ઉમેદવાર અંગે લડાઈ શરૂ થઈ ચૂકી છે. કોંગ્રેસમાં આ પદ માટે પ્રમુખ દાવેદાર વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલા છે અને તેમની સીધી સ્પર્ધા કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી સામે છે. પાંચ પૈકી ચાર રાજ્યોમાં પરાસ્ત થયેલી રાષ્ટ્રીય કોંગ્રેસના નેતાઓ વિવિધ રાજ્યોમાં બળવાખોરીનો સામનો કરી રહયાં છે ત્યારે તેમાં ગુજરાતનો ઉમેરો થવાની શક્યતા છે. "બાપુ ફોર ગુજરાત સીએમ" નામનું ફેસબુક પેજ બનાવ્યા બાદ આ લડાઈ સામે આવી છે. ગુજરાત કોંગ્રેસમાં મુખ્યમંત્રી પદ મેળવવા માટે રીતસર લોબીંગનું રાજકારણ શરૂ થયું છે. ૧૯૯૦ પછી સત્તામાંથી ફેંકાઈ ગયેલી કોંગ્રેસનો સત્તા વનવાસ ૨૭ વર્ષનો થયો છે. કોંગ્રેસના પ્રદેશ નેતાઓને એમ લાગે છે કે આ વખતે ૨૦૧૭ની ચૂંટણીમાં એન્ટી ઈન્કમબન્સી ફેક્ટર અને વિવિધ સમૂદાયોની ભાજપ પ્રત્યેની નારાજગી તેમને સત્તા અપાવી શકે છે તેથી મુખ્યમંત્રીના દાવેદાર કોણ એ નામ પર હોડ મચી છે. એક એજન્સીને આપેલી મુલાકાતમાં પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ કહ્યું હતું કે પંજાબની જેમ ગુજરાતમાં પણ કોંગ્રેસ હાઈકમાન્ડ આ વખતે મુખ્યમંત્રી પદના કેન્ડિડેટની જાહેરાત કરી શકે છે.

ગુજરાતમાં મોદીએ ૬૬૨૯૭૬૦ મિનિટ રાજ કર્યું છે...

વિજય રૂપાણીના પુરોગામી ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીએ ગુજરાતમાં ૧મી ઓક્ટોબર ૨૦૦૧ થી ૧૬મી મે ૨૦૧૪ સુધી શાસન કર્યું છે. તેમણે શાસનના વિક્રમી ૪૬૦૪ દિવસ પૂર્ણ કરી હવે તેઓ ભારતના પ્રાઈમ મિનિસ્ટર બન્યા છે. મોદીએ ગુજરાત ઉપર ૧,૧૦,૪૯૬ કલાક એટલે કે ૬૬,૨૯,૭૬૦ મિનીટ સુધી કામ કર્યું છે. ૧૯૬૦ થી અત્યાર સુધી ગુજરાતમાં શાસન કરી ચૂકેલા ૧૫ ચીફ મિનિસ્ટર પૈકી માત્ર ત્રણ ચીફ મિનિસ્ટર હિતેન્દ્ર દેસાઈ, માધવસિંહ સોલંકી અને નરેન્દ્ર મોદીએ પાંચ વર્ષ પૂરાં કર્યા છે. ગુજરાતમાં સૌથી વધુ સત્તા પર રહેવાનો માધવસિંહ સોલંકીનો રેકોર્ડ હતો. તેમણે કુલ ૨૦૪૯ દિવસ સુધી શાસન કર્યું છે. મોદીએ સૌથી વધુ દિવસો સુધી શાસન કરવાનો માધવસિંહનો રેકોર્ડ તોડ્યો હતો પરંતુ તેઓ માધવસિંહે વિધાનસભામાં મેળવેલી ૧૪૯ બેઠકોનો રેકોર્ડ તોડી શક્યા નથી. હા તેઓ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં ૨૬ માંથી ૨૬ બેઠકો મેળવવાનો રેકોર્ડ સર્જી શક્યા છે.

ગુજરાતમાં ૧૯૯૫માં સત્તા પરિવર્તન થયું છે...

ગુજરાતમાં કોંગ્રેસની પૂર્ણ સરકાર ૧૯૮૫ થી ૧૯૯૦ દરમ્યાન હતી. ૪થી માર્ચ ૧૯૯૦માં જનતાદળ-ગુજરાતના નેતા ચીમનભાઈ પટેલે સત્તાના સૂત્રો સંભાળ્યા હતા. તેમણે પહેલાં ભાજપના ટેકાથી સરકાર બનાવી પછી કોંગ્રેસનો ટેકો અને કોંગ્રેસમાં ભળીને સરકાર ચલાવી હતી. રાજ્યમાં ૧૯૯૫માં સત્તા પરિવર્તન થયું અને ભાજપનો કેસરી ધ્વજ લહેરાયો. ભાજપના પ્રથમ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલે કમાન હાથમાં લીધી અને ૨૨૧ દિવસના શાસન પછી પાર્ટીમાં બળવો થતાં તેમને સત્તા છોડવી પડી હતી. વચગાળાના મુખ્યમંત્રી તરીકે સુરેશ મહેતાને મૂકવામાં આવ્યા અને તેમણે સત્તાના ૩૩૪ દિવસ પૂરાં કર્યા ત્યાં તો શંકરસિંહ વાઘેલાએ ફરીથી બળવો કર્યો અને તેઓ મુખ્યમંત્રી બની ગયા. શંકરસિંહનો ટેન્યોર ૩૭૦ દિવસનો રહ્યો. કોંગ્રેસ ટેકો પાછો ખેંચવાની ધમકી આપતાં શંકરસિંહે તેમની ખુરશીમાં દિલીપ પરીખને બેસાડી દીધા અને દિલીપ પરીખ ૧૨૮ દિવસ પૂરાં કર્યા ત્યાં તો શંકરસિંહે રાષ્ટ્રીય જનતા પાર્ટી- આરજેપી- વિધાનસભા ભંગ કરી ચૂંટણી આપી દીધી હતી.

ચૂંટણીના દાવમાં મોદી UPની જેમ કોગ્રેસનો ખેલ છેલ્લી ઘડીએ બગાડી શકે છે

ભાજપની બીજી ઇનિંગ્સના હિરો નરેન્દ્ર મોદી છે...

ભાજપને ૧૯૯૮ની ચૂંટણીમાં સંપૂર્ણ બહુમત મળતાં કેશુભાઈ પટેલે ફરી સત્તા હાંસલ કરી. ૪થી માર્ચ ૧૯૯૮માં કેશુભાઈ પટેલ ગુજરાતના મુખ્યમંત્રી બન્યા અને તેમણે શાસનના ૧૩૧૨ દિવસો પૂરાં કર્યા. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થામાં ભાજપની હાર, જાન્યુઆરી ૨૦૦૧નો ભૂકંપ અને માધવપુરા બેન્ક ગોટાળાના કારણે કેશુભાઈને ખુરશી પરથી ઉતારી દેવામાં આવ્યા અને તેમના સ્થાને નરેન્દ્ર મોદીની વરણી કરવામાં આવી હતી. નરેન્દ્ર મોદીએ ૭મી ઓક્ટોબર ૨૦૦૧માં સત્તાના સૂત્રો સંભાળ્યા અને તેમણે મે ૨૦૧૪ સુધી શાસન કર્યું છે, ત્યારપછી તેઓ નવી દિલ્હીના સુપ્રિમ શાસનમાં જતા રહ્યાં છે. દિલ્હીમાં પણ તેઓ એક્કો સાબિત થયા છે. હાલ તેઓ ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની તૈયારીમાં પડ્યા છે.

કોંગ્રેસનો વનવાસ ૨૭ વર્ષ- હવે છોટી સી આશા...

ગુજરાતમાં આમ જોઈએ તો કોંગ્રેસ ૧૯૯૦ પછી સત્તામાં નથી. એટલે કે ગુજરાતમાંથી સત્તા ગુમાવ્યા પછી આજે ૨૭ વર્ષ થયાં છે. આ ૨૭ વર્ષમાં ભાજપે એકલા હાથે ૨૧ વર્ષ શાસન કર્યું છે. ૨૦૧૭માં જ્યારે વિધાનસભાની ચૂંટણી આવશે ત્યારે ગુજરાતમાં ભાજપનું શાસન બીજા એક વર્ષનું થશે. એન્ટી ઈન્કમબન્સી ફેક્ટરની તીવ્ર શક્યતા છતાં કોંગ્રેસનું સંગઠન માળખું વેરવિખેર હોવાથી કોંગ્રેસ માટે અચ્છે દિન...ની શંકા છે. કોંગ્રેસનો આંતરકલહ અને સત્તાવાર ઉમેદવારને હરાવવાની હોડ પાર્ટીને સત્તાથી દૂર લઈ જઈ રહી છે. ૨૦૧૭માં કોંગ્રેસ માટે આશા છે, પરિસ્થિતિ સાનુકૂળ છે. ખાસ તો ભાજપમાં માઈક્રો સર્જરી કરનારા નરેન્દ્ર મોદી અને અમિત શાહ ગુજરાતથી દૂર છે, પરંતુ છેલ્લી ઘડીએ મેદાનમાં આવીને તેઓ કોંગ્રેસની બાજી બગાડી શકે છે તે ગુજરાત કોંગ્રેસ અને તેના દિલ્હી સ્થિત હાઈકમાન્ડે ધ્યાન રાખવાનું રહે છે, કારણ કે ઉત્તરપ્રદેશના ઈલેક્શનમાં બીજા તબક્કાના મતદાન પછી મોદી વધુ એક્ટિવ થયા હતા અને પરિણામ ૩૨૫નું સામે જ છે. મોદીએ ૨૦૧૭માં પાર્ટીનું મિશન-૧૫૧ રાખ્યું છે.

સાવધાન-નાણાંકીય વર્ષ બદલાઇ રહ્યું છે...

ભારતમાં ફાયનાન્સિયલ યર માર્ચ-એપ્રિલની જગ્યાએ જાન્યુઆરી-ડિસેમ્બર થઈ શકે છે. પાર્લામેન્ટની એક કમિટિએ દેશના ફાયનાન્સિયલ યરને બદલવાની સલાહ આપી છે. કમિટીનું માનવું છે કે એપ્રિલ થી માર્ચનું ફાયનાન્સિયલ યર અંગ્રેજોએ શરૂ કર્યું હતું અને આ વર્ષો જૂની પરંપરાને સમાપ્ત કરવી જોઈએ. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે કમિટી એ સૂઝાવ આપશે કે ફાયનાન્સિયલ યરને પણ બદલીને કેલેન્ડર વર્ષ કરવું જોઈએ. કમિટી આશા રાખે છે કે સરકાર આવતા વર્ષે આ દિશામાં તૈચારી કરશે. ફાયનાન્સિયલ યરની હાલની વ્યવસ્થા ભારત સરકારે ૧૯૬૭માં અપનાવી હતી. એનો મુખ્ય ઉદ્દેશ એ હતો કે બારતના ફાયનાન્સિયલ યરને બ્રિટન સરકારના ફાયનાન્સિયલ યર સાથે મિલાવવો હતો. ૧૮૬૭ પહેલાં ભારતમાં ફાયનાન્સિયલ યર ૧લી મે થી શરૂ થતું હતું અને આગામી વર્ષે ૩૦મી એપ્રિલે ખત્મ થતું હતું. હાલની કમિટી જાન્યુઆરી થી ડિસેમ્બરનું વર્ષ બનાવવા માગે છે.

મહારાષ્ટ્રને ઉદ્યોગો તરફથી પ્રપોઝલ વધુ મળી પરંતુ રોકાણ ગુજરાતમાં થયું છે

સરકારમાં RTI હવે ભુંડું હથિયાર બની રહ્યું છે...

રાઈટ ટુ ઈન્ફર્મેશન એક્ટની ધાર ધીમે ધીમે બુઠ્ઠી થતી જાય છે કારણ કે કમિશનને જે અરજીઓ મળે છે તેની સામે રિજેક્ટ થવાની સંખ્યા મોટી થતી જાય છે. આરટીઆઈ હેઠળ અરજીઓ કરવાની સંખ્યામાં એક વર્ષમાં ૨૨ ટકાનો વધારો થયો છે. ૨૦૧૫-૧૬ના આંકડા પ્રમાણે કુલ અરજીઓની સંખ્યા ૯.૭૬ લાખ થવા જાય છે પરંતુ પ્રત્યેક ૧૦ અરજી પૈકી ચાર અરજીઓ રિજેક્ટ થાય છે. સેન્ટ્રલ ઈન્ફર્મેશન કમિશન- સીઆઈસી- ના અહેવાલ પ્રમાણે ૨૦૧૪-૧૫માં આરટીઆઈ અરજીઓની સંખ્યા ૭.૫૫ લાખ હતી તેમાં ૨૨.૬૭ એટલે કે ૨.૨૧ લાખ અરજીઓનો વધારો થયો છે. અરજીઓની સંખ્યા જેટલી ગતિએ વધે છે તેટલી ગતિએ અરજીઓ રદ થવાનો આંકડો પણ મોટો થતો જાય છે. અરજીઓ કરવાની કેટેગરીમાં જોવા મળ્યું છે કે ૪૩ ટકા અરજીઓ રિજેક્ટ કરવામાં આવે છે. એટલે કે પ્રત્યેક ૧૦ અરજી પૈકી ચાર અરજી વિવિધ કારણોસર રિજેક્ટ થાય છે.

રોકાણ મેળવવામાં ગુજરાત નંબર વન સ્થાને...

ભારતમાં ઔદ્યોગિક મૂડીરોકાણમાં વિવિધ રાજ્યો વચ્ચે સ્પર્ધા થઈ છે ત્યારે ગુજરાતે આ દિશામાં નંબર વન રહેલા મહારાષ્ટ્રને પછાડ્યું છે. ઈન્ડસ્ટ્રીયલ પ્રપોઝલ મેળવવામાં મહારાષ્ટ્ર ભલે ગુજરાત કરતાં આગળ હોય પરંતુ મૂડીરોકાણની રકમમાં ગુજરાતે મહારાષ્ટ્રને બીટ કર્યું છે. ઓગષ્ટ ૧૯૯૧ થી નવેમ્બર ૨૦૧૬ના આંકડા પ્રમાણે જોઈએ તો મહારાષ્ટ્રે ૧૯૪૩૭ ઈન્ડસ્ટ્રીયલ પ્રપોઝલ મેળવી છે જ્યારે ગુજરાતે ૧૩૩૦૮ પ્રપોઝલ મંજૂર કરી છે. જો કે કુલ મૂડીરોકાણના આંકડા જોઈએ તો આ સમયગાળામાં ગુજરાતમાં ૧૪૩૬૯૬૨ કરોડ રૂપિયાનું મૂડીરોકાણ આવ્યું છે જ્યારે મહારાષ્ટ્રમાં ૧૧૩૭૭૮૩ કરોડનું મૂડીરોકાણ થયું છે.